# Day to Day Current Affairs

16. Feb 2016

## ૧. દેશના સૌથી સ્વચ્છ શહેરોની યાદી : :

- કેન્દ્ર સરકારના શહેરી વિકાસ મંત્રાલયે 4 થી 20 જાન્યુઆરી સૂધી 10 લાખથી વધુ વસ્તી ધરવતાં 53 શહેર અને રાજ્યના પાટનગરો મળી કુલ 75 શહેરોમાં સર્વે કરાવ્યો હતો.
- આ સર્વે મુજબ સૌથી સ્વચ્છ ટોપ ટેન શહેરોમાં ગુજરાતના બે શહેરોનો સમાવેશ કરવામાં આવ્યા છે.
- જેમાં સુરત છઠ્ઠા ક્રમે અને રાજકોટ સાતમાં ક્રમે રહ્યુ છે.
- 75 શહેરની આ યાદીમાં ગુજરાતના કુલ 4 શહેરોને સ્થાન મળ્યુ છે જેમાં અન્ય બે વડોદરા 13 માં ક્રમે અને અમદાવાદ 15 માં ક્રમે રહ્યું છે.
- યાદીમાં પ્રથમ સ્થાન કર્ણાટકના મૈસુરને આપવામાં આવ્યું છે.
- કેન્દ્રના શહેરી વિકાસ મંત્રાલયે કવોલિટી ઓફ ઈન્ડિયા મારફત કરાયેલ આ સર્વેક્ષણ સ્વચ્છ ભારત અભિયાન પછીનું છે.
- દેશના ટોપ ટેન સ્વચ્છ શહેર અને રાજ્ય.

| ક્રમ | શહેર | રાજ્ય | ક્રમ | શહેર | રાજ્ય |
|---|---|---|---|---|---|
| 1 | મૈસુર | કર્ણાટક | 2 | ચંદીગઢ | કેન્દ્ર શાષિત |
| 3 | તિરૂચન્નાપલ્લી | તામિલનાડુ | ૪ | એનસીઆર | નવી દિલ્હી |
| ૫ | વિશાખાપટનમ | આંધ્રપ્રદેશ | ૬ | સુરત | ગુજરાત |
| ૭ | રાજકોટ | ગુજરાત | ૮ | ગંગટોક | સિક્કીમ |
| ૯ | પિંથરી ચિંચાવાડ | મહારાષ્ટ્ર | ૧૦ | ગ્રેટર મુંબઇ | મહારાષ્ટ્ર |

## ૨. આસિફ કપાડિયા – NRI પ્રોડ્યુસર :

- ભારતીય મુળના બ્રિટિશ પ્રોડ્યુસર આસિફ કપાડિયાને ફિલ્મ 'એમી' માટે બાફટા ડોક્યુમેન્ટ્રી એવોર્ડ એનાયત થયો.
- આ એવોર્ડએવોર્ડ તેમને બ્રિટિશ સિંગર એમી વાઇનહાઉસ ઉપર આધારિત ફિલ્મ 'એમી'માટે અપાયો હતો.
- BAFTA બ્રિટિશ એકેડમી ઓફ ફિલ્મ એન્ડ ટેલિવિઝન આટર્સ :

3. એશિયાકપ -2016 – ક્રિકેટ :

- એશિયાકપ ટી-20નું આયોજન 24 ફેબ્રુઆરીથી 6 માર્ચ દરમિયાન બાંગ્લાદેશ ખાતે થશે.
- પાંચ દેશ વચ્ચે રમાતા આ કપમાં ભારત,બાંગ્લાદેશ,શ્રીલંકા અને પાકિસ્તાન તેમજ એક ક્વોલિફાઇ રાઉન્ડ વિજેતા દેશ હશે.

### પ્રશ્નો

૧. ક્વોલિટી ઓફ ઇન્ડિયા મારફત કરાયેલ સૌથી સ્વચ્છ શહેરમાં ટોપ ટેનમાં આવેલા ગુજરાતના શહેર અને ક્રમ જણાવો સુરત-છાઠ્ઠુ, રાજકોટ – સાતમુ

૨. દેશના સૌથી સ્વચ્છ શહેરમાં પ્રથમ ક્રમે આવેલ શહેર અને રાજ્ય જણાવો ? મૈસુર કર્ણાટક

3. કેન્દ્રાના શહેરી વિકાસ મંત્રાલયના સૌથી સ્વચ્છ 75 શહેરની યાદીમાં ગુજરાતના કેટલા શહેરનો સમાવેશ થયો છે ? 4

૪. ક્યાં ભારતીય બ્રિટિશ પ્રોડ્યુસરને બાફતા ડોક્યુમેન્ટ્રી ફિલ્મ એવોર્ડ એનાયત થયો ? આસિફ કપાડીયા

૫. આસિફ કપાડિયાને કઇ ફિલ્મ માટે બાફતામાં ડોક્યુમેન્ટ ફિલ્મ એવોર્ડ એનાયત થયો ? એમી

૬. BAFTA (બાફતા) નું પુરૂનામ જણાવો ?
બ્રિટિશ એકેડમી ઓફ ફિલ્મ એન્ડ ટેલિવિઝન આર્ટ્સ.

૭. એશિયાકપ ટી-20માં કુલ કેટલા દેશ ભાગ લેશે ?પાંચ

૮. એશિયાકપ -2016નું આયોજન ક્યાં થશે ? બાંગ્લાદેશ

Vivekanand Academy, Gandhinagar